જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૧૩ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૦૬/૧૩**

**ક્રાઈમ બ્રાન્ચ**

તા.૧૭/૧૨/૨૦૧૩ રાતના ૧૧/૦૦ વાગ્યાથી પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા પો.કોન્સ. ઇશ્ર્વરભાઇ સોમાભાઇ,હેડ.કોન્સ. ગુલાબજી ધુળાજી,હેડ.કોન્સ.અખ્તરહુસેન જલાલુદ્દીન,હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ હિમતસિંહ, પો.કોન્સ. રાજેન્દ્રસિંહ જીવતસિંહ,પો.કોન્સ. દિપકકુમાર જીવરાજભાઇ, પો.કોન્સ. ફીરોજખાન મુનસફખાન, પો.કોન્સ. રસીદખાન સામતખાન, પો.કોન્સ. પદયુમનસિંહ મહેન્દ્રસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે નાઇટ પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન આજ રોજ ફરતા-ફરતાં તા.૧૮/૧૨/૧૩ કલાક ૦૦/૧૫ વાગે ઘાટલોડીયા સન એન સ્ટેપ કલબ પાસે આવતા બાતમી હકિકત મળેલ કે “એક સિલ્વર કલરની ઇન્ડીકા કાર નં. GJ-1-HF-9220માં ત્રણ ઇસમો કેટલોક ગેર કાયદેસર ઇગ્લીશ દારૂનો જથ્થો લઇ મેમનગર ગુરૂકુલ રોડ થઇ સુભાષ ચોક ચાર રસ્તા થઇ ઘાટલોડીયા તરફ જવાના છે.” જે બાતમી હકિકત આધારે તુરંત જ મેમનગર સુભાષ ચોક ચાર રસ્તા પાસે રોડ પર આવી રસ્તે જતાં બે પંચોના માણસો બોલાવી ઉપરોકત બાતમી હકિકતથી વાકેફ કરતાં પંચોએ પંચમાં રહેવા સ્વખુસી બતાવતાં પંચો તથા સ્ટાફનાં માણસો સાથે છુટા છવાયા વોચમાં હાજર રહેલ અને થોડીવાર પછી ઉપરોકત બાતમી હકિકતમાં જણાવેલ વર્ણન તથા નંબરવાળી ઇન્ડીકા કાર મેમનગર ગુરૂકુલ ત્રણ રસ્તા તરફથી આવતી જણાયેલ જે પંચોને તથા સાથેનાં સ્ટાફનાં માણસોને ઇશારો કરી ઓળખી બતાવી ઇન્ડીકા કાર નજીક આવતાં ઇન્ડીકા કારને કોડન કરી રોકી લીધેલ. અને કારને રોડની સાઇડમાં ઉભી રખાવી કારમાં જોતાં ડ્રાયવર તથા તેની બાજુમાં બીજા બે ઇસમ બેઠેલ હોય, જેથી ત્રણેય ઇસમોને કારમાંથી ઉતારી પંચો રૂબરૂ વારા ફરથી નામ ઠામ પુછતાં કાર ચલાવનાર ઇસમ નાએ પોતે પોતાનું નામ (૧) સુરેન્દ્રસીગ ઉર્ફે યોગેશ દિલીપસીગ ઠાકુર (ઉ.વ.૨૨) (રહે,૨૬, મહાદેવલાલ કુંભારની ચાલી, ન્યુ કોટન મીલ પાસે, અમરાઇવાડી) હોવાનું જણાવેલ.તથા તેની સાથેનાં બીજા બે ઇસમોનું નામ ઠામ પુછતાં (૨) વિપુલભાઇ મનસુખભાઇ શાહ (ઉ.વ.૪૧) (રહે, ૧૧, અરિહંત એપાટમેન્ટ, બળીયાકાકા ચાર રસ્તા પાસે સુખરામનગર ગોમતીપુર) અને (૩) જગદીશ ઉર્ફે જેપી રૂપલાલ સેવક (ઉ.વ.૨૬) (રહે, ડી/૩/૧૧, પાવાપુરી સોસાયટી, જનતાનગર ક્રોસીગ પાસે ઘાટલોડીયા) જણાવેલ. સદરી ઇસમો પાસેનાં કબજાની ઇન્ડીકા કારનાં દરવાજાઓ તથા ડીકી ખોલી જોતાં કાગળનાં બોક્ષમાં અલગ અલગ બ્રાંડની ઇગ્લીશ દારૂની બોટલો નંગ-૧૪૦ કિ.રૂ.૫૫,૨૦૦/- તથા બીયરનાં ટીન નંગ-૪૮ કિ.રૂ.૪,૮૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૬૦,૦૦૦/- જે ઇગ્લીશ દારૂનો જથ્થો પોતાના કબજામાં રાખી લઇ જવા બદલનું પાસ પરમીટ ત્રણેય ઇસમો પાસે માગતાં ત્રણેય ઇસમોએ પોતાની પાસે આવું કોઇ પાસ પરમીટ નહિ હોવાનું જણાવતાં ઇગ્લીશ દારૂનો જથ્થો અને ઇન્ડીકા કારની કિ.રૂ.૧,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નં.૧ કિ.રૂ.૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/- મુદામાલ કબજે કરી ધી પ્રોહી એકટ કલમઃ-૬૬(૧) બી,૬૫ એ-ઇ, ૧૧૬ બી, ૮૧ મુજબ ગુનો નોધવામાં આવ્યો છે.

ઇસનપુર પો.સ્ટે

તા.૧૭.૧૨.૧૩ નારોજ ઇસનપુર પો.સ્ટના સર્વે સ્કોર્ડના પો.સ.ઇ શ્રી વી.એચ.જાડેજા સ્ટાફ ના માણસો સાથે પો.સ્ટે વિસ્તાર મા પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૨૧/૧૫ વાગે ઇસનપુર ચાર રસ્તા પાસે જતા સાથેના પો.કો મુકેશભાઇ તથા રણવીરસિંહ ની બાતમી આધારે કમલેશ સ/ઓ ભીખાભાઇ મગનભાઇ લુહાર ઉ.વ ૧૯ રહે રાજ આમલેટની બાજુમા લુહારની દુકાન મા ઇસનપુર ચાર રસ્તા પાસે વટવા ને એક હિરો હોન્ડા ગ્લેમર મો.સા નં GJ-1FP-1218 જેની કિમંતરૂ ૨૦.૦૦૦/- ગણી શકાય તે કોઇ પણ જગ્યાએથી ચોરી અગર છળકપટ થી મેળવી લાવેલ હોય સદરી ને કલાક ૨૨.૦૦ વાગે પકડી સી.આર.પી.સી ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.

બાપુનગર પો.સ્ટે.

બાપુનગર પો.સ્ટે ફ.ગુરન.૩૬૨/૧૩ ઈપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબનાકામ આરોપી નામે જીતેંદ્રભાઈ ડાહ્યાભાઈ બારોટ ઉવ.૪૯ રહે.મન.બી/૧૬ સુરજીતાસોસાહરીઓમ સોસાયટીની બાજુમા ઈન્ડિયા કોલોની રોડ બાપુનગર નાઓએ ફરીશ્રીને સોના-ચાંદીમા MCX મા રોકાણ કરવા અને રોકાણ કરવા બદલ રોકાણ કરેલ રૂપિયાની બાયધરી પેટે ચેકો આપી ૬% નફો આપવાની લાલચ આપી વિશ્વાસા અને ભરોસો મેળવી કુલ્લે રૂ.૬૦,૦૦,૦૦૦/- રોકડા ફેબ્રુઆરી/૨૦૧૩થી તા.૧૧/૫૧૩ સુધીમા ફરીશ્રી પાસે થી મેળવી લઈ આજદીન સુધી ફરીશ્રી ના રૂપિયા MCX મા ખાતુ નહી ખોલી તેમના ખાતા મા રોકાણ નહી કરી ખોટા વાયદા ઓ કરી રોકાણ કરેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુનો કરેલ હોય જે આરોપી જીતેંદ્રભાઈ ડાહ્યાભાઈ બારોટને તા.૧૭/૧૨/૧૩ રાતના ૯/૦૦ વાગે અટક કરવામા આવેલ છે.

વટવા પો. સ્ટે.

(૧) વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૬૫૨/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૩૦૨, ૩૦૭ મુજબનાના કામે આરોપી માનસિંગ ઉર્ફે મેલાજી સ/ઓ જયંતીભાઇ ઠાકોર ઉવ.૨૩ રહે.દેવીમાતાવાળો વાસ વટવા ગામ અ'વાદ શહેર નાઓને અત્રેના પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી કે.એ.મકવાણા સાહેબ નાઓને એલ.જી. હોસ્પિટલ ખાતેથી રજા આપતા વોચમાં ગોઠવેલ પોલીસ કર્મચારીના માણસે જાણ કરતાં તા ૧૭/૧૨/૨૦૧૩ ના કલાક ૧૬/30 વાગે પકડી અટક કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી ચલાવી રહેલ છે.

(૨) વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં ૬૬૬/૨૦૧૩ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે આરોપી મુનાફ અબ્દુલ હકીમ શેખ ઉવ.૨૬ રહે.સફવાન ફ્લેટ પહેલોમાળ પોપટીયા વાડ દરીયાપુર અ'વાદ શહેર નાઓને અત્રેના પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.એ.સોઢા સાહેબ નાઓને વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરીના મુદ્દામાલ એક ઓટો રિક્ષા નંબર જી.જે.૧.બી.યુ.૨૩૭૦ ની કિ.રૂ.૫૦,૦૦૦/-ની ગણી તપાસ અર્થે પંચનામા વિગતે કબ્જે કરી તા ૧૭/૧૨/૨૦૧૩ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.અને આગળની વધુ પુછપરછ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.